અજન/૪૯-વિકાસશીલ તાલુકા/પૂર્વ આયોજન/૨૦૨૧-૨૨/૨૦ જિલ્લા આયોજન કચેરી બનાસકાંઠા,

પાલનપુર, તા.૧૯ /01/2021

પ્રતિ,

(૧) આયોજન અધિકારી સહ,
તાલુકા વિકાસ અધિકારીશ્રી, દાંતા

(૨) તાલુકા વિકાસ અધિકારીશ્રી,
વાવ, થરાદ, ભાભર, કાંકરેજ, દિયોદર, અમીરગઢ, સુઈગામ

**વિષય :– વર્ષ: ૨૦૨૧–૨૨ માટે ૪૯–વિકાસશીલ તાલુકાનુ પૂર્વ આયોજન મોકલી આપવા અંગે.**

ઉપરોક્ત વિષયે સંદર્ભ દર્શીત પત્ર અન્વયે જયભારત સહ જણાવવાનું કે, સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગની સુચનાઓ પ્રમાણે આપના તાલુકાના વર્ષ ૨૦૨૧– ૨૨ ની જોગવાઈ મુજબ સામાન્ય સદરે તથા ખાસ અંગભૂત સદરે વિકાસશીલ તાલુકા જોગવાઇ હેઠળ કુલ રૂા.૨૦૦ લાખની મર્યાદામાં કામોના સુચનો **તા.૧૫/૦૨/૨૦૨૧** સુધીમાં તાલુકાના પ્રતિનિધિઓ સાથે વિચાર–વિમર્શ કરી **સમય મર્યાદામાં આયોજન** રજુ થાય તે માટેનું આગોતરૂ આયોજન કરશો. સદરહું આયોજન સમય મર્યાદામાં માન.પ્રભારી મંત્રીશ્રીને સાદર કરવાનું હોવાથી આયોજન રજુ કરવામાં કોઈ વિલંબ ન થાય તેની અંગત તકેદારી રાખશો.

વધુમાં તા.૦૨/૦૩/૨૦૦૯ના ઠરાવમાં કરેલ જોગવાઇ મુજબ (૧) મુળભૂત જરૂરીયાતો (૨) ગરીબી (૩) શિક્ષણ અને (૪) આરોગ્ય જેવા નિર્દેશકોને ધ્યાને લેવાના રહેશે અને આ પ્રકારના કામો જો પુર્ણ થયેલ હોય અને ગ્રામ વિકાસ માટે જરૂરી હોય તો સામાન્ય વહીવટ વિભાગના તા.૨૪/૦૮/૨૦૦૬ અને તા.૩૦/૦૯/૨૦૧૫ના પરીપત્રની શરતો ધ્યાને લઇ ઉક્ત શરતોનું પાલન થતુ હોય તો જ **સી.સી.રોડના(ખરવટ)૧૫%ની** મર્યાદામાં અને **પેવર બ્લોકના** કામો કુલ આયોજનના **૧૫%ની** મર્યાદામાં કામો આયોજનમાં સમાવવાના રહેશે.

વધુમાં વિકાસશીલ આયોજનના સુચન કરતા પહેલા સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ અને પરીપત્રોની વખતો વખતની તત્સમયની સુચનાઓ, કૌલગી સમીતીના ૪૪ ઇન્ડીકેટર તથા તાલુકા પ્લાનીંગ એટલાસ અને village profile આધારીત ગેપ એનાલીસીસ અચૂક ધ્યાને લેવાના રહેશે. વિકાસશીલ તાલુકાઓનું આયોજન મંજુર કરવાની આખરી સત્તા તાલુકાના માન.પ્રભારી સચિવશ્રી તથા માન.પ્રભારી મંત્રીશ્રીને હોવાથી તાલુકાકક્ષા અને જિલ્લાકક્ષાએથી માત્ર કામોના સુચન કરવાનાં રહે છે, જેની ખાસ નોંધ લેશો.

કલેક્ટર
બનાસકાંઠા–પાલનપુર

ક્રમાંક-મા.વિ.૧/વિકાસશીલ તાલુકા/વશી-૨૧૯/૨૦૨૦-૨૧/૪૭૯૪

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
બનાસકાંઠા, જિ. પાલનપુર
તારીખ:-૦૨/૦૨/૨૦૨૧

ર/-જિલ્લા આયોજન કચેરી બનાસકાંઠા પાલનપુરના પત્રક્રમાંક: અજન/૪૯-વિકાસશીલ તાલુકા/પૂર્વ આયોજન/૨૦૨૨૧-૨૨/૨૦ તા ૧૯/૦૧/૨૦૨૧ ના પત્ર અન્વયે આપની દરખાસ્તો જે-તે તાલુકા વિકાસ અધિકારીશ્રી, મારફતે મોકલી આપવા જાણ તથા ઉપરોક્ત વિગતે અમલ સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા, પાલનપુર

પ્રતિ.

આચાર્યશ્રી,
સરકારી માધ્ય. અને ઉ.મા. શાળાઓ
વિકાસશીલ તાલુકા તમામ,
બનાસકાંઠા જિલ્લો

Scanned by CamScanner